ગુરુશિષ્ય પરંપરા દ્વારા તાલીમ/ સંબંધી યોજના.

ગુજરાત સરકાર,
યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ,
ઠરાવ ક્રમાંક:સનન/૧૦૯૫/૧૪૬૨/અ,
સચિવાલય, ગાંધીનગર.

તારીખ:- ૪/૧/૧૯૯૫

વંચાણે લીધા :-

(૧) યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના ઠરાવ ક્રમાંક: સનન/૧૦૯૧/૧૪૫૩/અ તા.૮/૧/૯૨.

(૨) ગુજરાત સંગીત નાટક અકાદમીનો પત્ર ક્રમાંક: સનન/ગુ.શિ.પ./૯૫-૯૬-અ/૩૯૫૨ તા.૨૯/૧૧/૯૫.

...

## ઠ રા વ

ગુજરાતમાં શાસ્ત્રીય સંગીત, નૃત્ય, નાટ્ય અને લોકકલાની પરંપરાની જાળવણી તેમજ આ કલાઓ અંગે નવી પેઢીમાં રુચિ જળવાઈ રહે તે હેતુથી ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા ગુરુશિષ્ય પરંપરાની તાલીમ યોજના અમલમાં મુકવા અંગે ઉપર સંદર્ભમાં ક્રમાંક(૧) સામે ઉલ્લેખિત તા.૮/૧/૯૨ના ઠરાવ હેઠળ જોગવાઈ કરવામાં આવી હતી. ઉક્ત યોજનાના અમલીકરણ અંગે પ્રસ્તુત તા.૮/૧/૯૨ના ઠરાવના પરિશિષ્ટમાં વિગતવાર નિયમો ઘડવામાં આવ્યા છે.

૨/- પ્રસ્તુત યોજના અન્વયે ચાલુ વર્ષે ગુરુશિષ્ય પરંપરા તાલીમ યોજના શરુ કરવા વહીવટી મંજુરી આપવા અંગે સંગીત નાટક અકાદમી દ્વારા ઉપર સંદર્ભ(૨)માં દર્શાવેલ તા.૨૯/૧૧/૯૫ના પત્રથી દરખાસ્ત કરવામાં આવી હતી. આ દરખાસ્તમાં મુળ યોજનામાં મંજુર કરેલ (૧)હિન્દુસ્તાની સંગીત (૨) નૃત્ય (કથક) (૩)નાટ્ય અને (૪)લોકકલા આ ચાર ક્ષેત્રના ચાર ગુરુઓને બદલે હિન્દુસ્તાની સંગીત ક્ષેત્રમાં શાસ્ત્રીય સંગીત અને શાસ્ત્રીય વાદ્ય સંગીત એમ બે ભાગ પાડીને કુલ પાંચ ગુરુઓ તથા આ દરેક ગુરુ પાસે પ્રશિક્ષણ મેળવવા માટે અગાઉના બે શિષ્યોને બદલે પાંચ શિષ્યો રાખવાની દરખાસ્ત કરવામાં આવેલ હતી. આ બાબત કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ અંગે હવે પુખ્ત વિચારણાને અંતે ગુરુશિષ્ય પરંપરા દ્વારા તાલીમ અંગેની સચિવશ્રી સંગીત નાટક અકાદમીની દરખાસ્ત પ્રમાણે રાખી નીચેની વિગતે વહીવટી મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે.

| | |
|---|---|
| (૧) નિમંત્રિત ગુરુઓને માનદ્વેતન પ્રતિમાસ રૂ.૧૫૦૦/-લેખે ૧૫૦૦X૩X૫ | રૂ.૨૨૫૦૦/- |
| (૨) શિષ્યો માટેની શિષ્યવૃત્તિ પ્રતિમાસ રૂ.૪૦૦/-લેખે ૪૦૦X૩X૨૫ | રૂ.૩૦૦૦૦/- |
| (૩) પ્રચાર પ્રસિદ્ધિ તથા આનુષંગિક ખર્ચ | રૂ. ૩૫૦૦/- |
| કુલ | રૂ.૫૬૦૦૦/- |

...૨...

(એકે રૂપિયા છપ્પન હજાર પુરા)

૩. આ યોજનાને હાલ પુરતી જાન્યુઆરી-૯૬ થી માર્ચ-૯૬ સુધીના સમય માટે મંજુરી આપવામાં આવે છે.

૪. જે તે કલાના પાંચ ગુરુઓની પસંદગી અકાદમીની સ્થાયી સમિતિએ કરવાની રહેશે. (અકાદમી અસ્તિત્વમાં ન હોય તેવા સમયે અકાદમીની સ્થાપના થતાં સંમતિ મેળવી લેવાની રહેશે.) તેજ રીતે દરેક ગુરુ પાસેના શિષ્યોની પસંદગી અકાદમીની સ્થાયી સમિતિ દ્વારા જે તે કલાના ગુરુના પરામર્શમાં કરવાની રહેશે.

૫. આ યોજનાના અમલ અંગે સંદર્ભ(૧) આગળ દર્શાવેલ તા.૭-૧-૯૨ના ઠરાવ હેઠળના પરિશિષ્ટમાં નિર્દિષ્ટ તમામ શરતોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૬. આ અંગેનો ખર્ચ માંગણી નં.૧૦૨-૨૨૦૫-કલા અને સંસ્કૃતિ ૧૦૨, કલા અને સંસ્કૃતિની યોજના-૧-ઉઠાવેલ-૮૭ એ સંગીત નૃત્ય નાટ્ય અકાદમી આયોજન સદરે ૧૯૯૫-૯૬ માં દર્શાવેલ રૂ.૩/- લાખની જોગવાઈમાંથી ઉધારવાનો રહેશે.

આ હુકમો આ વિભાગના સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાંકીય સલાહકારશ્રીની તા.૧૬-૧૨-૯૫ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન. એસ. ચૌધરી)
ઉપસચિવ,
યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ

પ્રતિ,

૧. કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર (વધારાની પાંચ નકલો સાથે)
૨. જિલ્લા હિસાબી અધિકારીશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર.
૩. મહાલેખાકારશ્રી, ગુજરાત, રાજકોટ/અમદાવાદ.
૪. નિયામકશ્રી, હિસાબી અને તિજોરી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
૫. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
૬. નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
૭. નાણા શાખા
૮. સીલેક્ટ ફાઈલ
૯. મદદનીશ ફાઈલ.

સીવંકી : ૨૧૧૨૯૫/૧૦